# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

સાદગી અને સચ્ચાઇની માળા ફેરતા થઇ ગયા!
આમ આદમીના આચરણને ઝેરતા થઇ ગયા!
વેરતા થઇ ગયા વટાણા 'આપ' વિરૂદ્ધ બોલતાં -
પ્હેરાવનારા ખૂદ હવે ટોપી પેરતા થઇ ગયા..

**હાઈકુ**

પ્રજાના ખિસ્સાં
કપાસે હસ્તાં હસ્તાં -
ઉત્સવ બની..

ચૂંટણયાચન
ખેલા કાપાકાપીનો -
મતંગોત્સવ!

(પતંગોત્સવ - '૧૪ની સંક્રાતિ)

## ચિંતન

***બંધાય વિષયા આસક્તં મુક્તયૈ નિર્વિષયં મનઃ ।***
***મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ ॥***

'મનુષ્ય પોતાના જ વિચારોનો દાસ છે મનુષ્ય પોતાના વિચારોને કારણે જ પોતાને બંધનમાં ફસાયેલો માને છે અને પોતાના વિચારને કારણે જ પોતાને બંધનોથી મુક્ત માને છે. વિષય વાસનાઓ-મોહ-માયાના સંબંધોને કારણે જ મનુષ્ય પોતાને સામાજિક બંધનમાં બંધાયેલો માને છે અને એવા વિચારોથી મુક્ત થતાં જ પોતાને મુક્ત સમજે છે આમ મન-વિચાર જ મનુષ્ય બંધન અને મુક્તિનું કારણ બને છે.'

થોડા દિવસ પહેલાં સવાર-સવારમાં ફૂલ ચૂંટવા નિકળ્યો ત્યારે એક આત્મીયજને કહ્યું, 'દાદા તમને ઠંડી નથી લાગતી?' (ગંજી-ઝભ્ભો પહેર્યાં હતા) ગરમ કપડાં નો'તો પહેર્યાં, ત્યારે મેં એને જવાબ આપ્યો, 'બેટા! ટાઢ મનને પડે છે તનને નથી પડતી.'

જો આપણે આપણા મનથી દુ:ખી-બદનશીબ-એકલા-અપમાનિત સમજી મનમાં-હૃદયથી દુ:ખી રહીએ તો દુ:ખી જ થવાના. મનમાં સંતોષ અને સુખનો અનુભવ કર્યા કરીએ તો પરમાનંદ જ રહેવાનો..

ખાવા પીવામાં પત્ની-પુત્રવધુ સમય-સ્વાદ ન સાચવે તો દુ:ખી થવાને બદલે તેણી આપણને 'ડોયેટીંગ'માં ઇશ્વરકૃપાથી જ મદદરૂપ થાય છે એમ સમજી 'આનંદ'માં જ રહેવું-એને કારણે જ સ્વાદ-ખોરાક આપોઆપ છૂટે છે.

કૌટુંબિક-સામાજિક સંબંધોને બંધનરૂપ સમજી જીવનારો કદી મુક્ત નથી થઇ શકતો પણ એ જ સંબંધો કર્તવ્ય-ફરજ અને ભાગ્યનો ભાગ સમજી સ્વીકારે તે 'મુક્ત' જ છે.

## સુવિચાર

- વેદનાનો હાથ પકડી સહેજ ચાલી જોઇએ, ચાલ આજે દુ:ખને ગજવામાં ઘાલી જોઇએ, વેદ ઉપનિષદ ખોળવાથી કંઇ વળવાનું નથી, એકબીજાનો હાથ બસ ઝાલી જોઇએ- ***ઉર્વીશ વસાડવા***
- જેણે જીંદગીમાં બીમારી, ગરીબીની તકલીફો જોઇ નથી એ એનામાં તકલીફો પાર કરવાની અપાર શક્તિ છૂપાયેલી છે તે જાણતો નથી - ***બેન જ્હોનસન***
- આફતોની વચ્ચે નમ્ર માણસ પૂરેપૂરો શાંત રહી શકે છે, કારણ કે તે દુનિયા પર નહીં, ઇશ્વર પર શ્રદ્ધા રાખે છે - ***સંત અમૃતવદન દાસ***
- જો ચાહે અપના કુશલ મંગલ, જો ચાહે નિર્વાણ, સરલ, અતિસરલ બન, છોડ કર અભિમાન - ***સત્યનારાયણ ગોએન્કા***
- ઇન્દ્રિયોનો નાથ મન છે, મનનો નાથ પ્રાણવાયુ છે, પ્રાણવાયુનો નાથ લય છે, માટે તે પ્રાણના નાથ એવા લયનો આશ્રય કરો - ***ઉપનિષદ***
- અંધશ્રદ્ધાને સૌથી મોટો ટેકો ધર્મના બની બેઠેલા ઠેકેદારોનો છે - ***અમૃત બિંદુ***
- જેમનાં પુત્રો સંસ્કારી અને ગુણવાન હોય છે તેઓ કયારેય ગરીબો હોતાં નથી- ***સુભાષિત***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

'શિક્ષક' થવું એ ધંધો નથી ધર્મ-કર્તવ્ય છે 'શિક્ષણ' એ પવિત્ર સંપ્રદાય છે એમાં નિર્ભીક રીતે સંપૂર્ણપણે સમર્પિત સેવાભાવી સેવકનું જ કામ છે. પગારવધારાને વેકેશનની વાટ જોતા વેઠીયાનું આમાં કામ નથી.'

એક પ્રાચીન ગુરૂકુલમાં રાજકુમારો અને ઉચ્ચ કુળના સંતાનો વિદ્યાભ્યાસ માટે રહેતા હતા. એક રાજકુમાર વિદ્યા-અભ્યાસમાં મંદ અને આચરણમાં અન્યાયી હતો. સ્વભાવે દ્વેષી હતો. ગુરૂજી એને વારંવાર બોધની સાથે કડક સજા પણ કરતા હતા.

જેમ તેમ અભ્યાસ પૂર્ણ થયો. વર્ષો જતાં એ રાજકુમાર 'રાજગાદી'એ બેઠો. એના મનમાં ઊંડે ઊંડે આશ્રમકાળમાં ગુરૂજીએ કરેલાં અપમાનો અને સજાઓનો કીડો ફોલતો હતો.. એણે આશ્રમમાંથી પાંચ ગાય વેંચાતી મંગાવી. ગુરૂજીએ 'ગાય વેંચતા નથી' કહી સિપાઇને પરત મોકલ્યો. રાજકુમારનો આ પેંતરો જ હતો. ગુરૂજીને દરબારમાં બોલાવ્યા અને ઊભા રાખી કહ્યું, 'તમે મને આશ્રમમાં ખૂબ સજાઓ કરી છે. આજે હવે મારો સમય આવ્યો છે, બોલો શું સજા કરૂં...'

ગુરૂજી કહે, હે રાજન્ - મને આજે થાય છે કે તને ન્યાયી અને સદાચારી બનાવવા મેં હજુ ઓછી સજા કરી અને તને યોગ્ય રાજા બનાવી ન શક્યો. એટલો જ અફસોસ છે!

રાજાનું માથું શરમથી ઝૂકી ગયું.

Email - sureshchandrabhatt18@gmail.com

# માણસ સાપની કાંચળી જેમ બધાં આવરણો દૂર કરી પ્રેમથી, શાંતિથી અને સહજતાથી જીવે તો જીવન સુખનો સાગર છે, જીવન તરફનો સાચો અભિગમ જ સુખ-શાંતિ આપી શકે

## ઘરમાં દુકાન અને દુકાનમાં ઘર

## વિચાર યાત્રા

- જય ઓઝા

માણસને જીવન જીવવાની કલા હસ્તગત થઈ જાય તો બેડો પાર. જિંદગી સુધરી જાય. મોટા ભાગના માણસો જીવન જીવતા નથી, ઢસરડો કરતા હોય છે. તંગ દોર પર તેમની જિંદગી ચાલતી હોય છે. જીવનભર ફાંફાં મારે છે અને છેવટે જે પ્રાપ્ત કરે છે તે વ્યર્થ બની જાય છે. જીવનના અંત સુધી મોહ જતો નથી અને માયા છૂટતી નથી. દરેક ધર્મની વિચારધારામાં જીવનને સુખમય બનાવવા માટેનો માર્ગ બતાવવામાં આવેલો છે. જૈન ધર્મે અહિંસા અને અપરિગ્રહ પર ભાર મૂક્યો છે. માણસ સૌ પ્રત્યે પ્રેમપૂર્વક વર્તે અને મોહ-આસક્તિ ઓછી કરી નાખે તો જીવન પ્રસન્ન અને આનંદદાયક બની શકે છે. જીવનની બધી દોટ ઈચ્છાઓ અને અપેક્ષાઓમાં છે. આપણાં સાધનોમાં આપણે આનંદપૂર્વક જીવી શકીએ તો તેના જેવું બીજું કોઈ સુખ નથી.

માણસ જિંદગીભર મહેનત કરે છે, પૈસા કમાય છે. ગમે તેટલું હોય વધુ મેળવવા આપાધાપી કરે છે. ધન હશે તો જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં આરામથી રહીશું એવા મનસૂબા ઘડાય છે. માણસ વિચારે છે હજુ થોડું વધુ ભેગું કરી લઈએ પછી વાંધો નહીં, કશી ચિંતા રહેશે નહીં. મોજ કરીશું, પરંતુ સમય હાથમાંથી સરકી જાય છે. જિંદગી મોજના બદલે બોજ બની જાય છે. માણસ આ ધરતી પર વરસોનાં વરસો સુધી રહેવાનો હોય એવી તૈયારી કરે છે, પણ સમય રહેતો નથી અને બધું ફોગટ જાય છે. હાથપગ ચાલતા હોય, બધી ચેતનાઓ સાબૂત હોય ત્યારે માણસે જીવી લેવું જોઈએ. એક સામટા સુખની ઈચ્છા વ્યર્થ છે. માણસે પોતાની સમક્ષ આવતાં નાનાં નાનાં સુખો અને આનંદના અવસરોને માણતા રહેવું જોઈએ. શરીરમાં શક્તિ અને સ્ફૂર્તિ ન હોય તો બધાં સુખો નકામાં બની જાય છે.

માણસને આનંદથી જીવવા માટેની જે ચીજો જોઈએ છે તે તો ક્યારની મળી ગઈ હોય છે, પરંતુ સંતોષ થતો નથી. ભવિષ્યની ચિંતા છે. પરિવારની ચિંતા છે. પેઢીની પેઢી સુધી ચાલે તેટલું મૂકી જવાની એષણા છે. પરિગ્રહ છે એટલે ભય છે અને ભય છે એટલે સલામતી નથી. માણસ વર્તમાનમાં જીવે અને ભવિષ્યની ખોટી ચિંતા ન કરે તો કોઈ દુઃખ નથી. મનમાંથી જો ભય દૂર થઈ જાય, શ્રદ્ધા વિશ્વાસ જાગે તો ચિંતાઓ દૂર થઈ જાય. ધર્મ આપણને ભયરહિત બનવાનું શીખવે છે. જે ડરે છે તે ક્ષણે ક્ષણે મરતો રહે છે અને સંસારમાં વધુ ને વધુ ડૂબતો રહે છે. મોહમોયાના પથ્થરો ગળે બાંધેલા છે. માણસ આ બંધનોને હટાવીને હળવોફૂલ જેવો બની જાય તો ભવસાગરને તરી જાય.

ઉંમર થાય, તબિયત લથડે એટલે લોકો કહેશે તમને આરામની જરૂર છે. ખરેખર આરામની નહીં, જંજાળ છોડવાની જરૂર છે. માણસ કામ કરવાથી થાકતો નથી, પરંતુ ચિંતાઓ અને ઉપાધિઓ તેને થકવી નાખે છે. જિંદગીનાં છેલ્લાં વર્ષો પ્રસન્નતાથી વીતે, મન પર કશો ભાર રહે નહીં તે જરૂરી છે. જિંદગીની જંજાળ છોડવાનું બધાને માટે શક્ય નથી. કુટુંબનો બોજો જેમના માથે હોય, આવક ઓછી હોય, સંજોગો વિપરીત હોય તેમને અસ્તિત્વ ટકાવી રાખવા માટે દોડાદોડી કરવી પડે એ સમજી શકાય છે. તેમને આરામ પરવડી શકે નહીં, પરંતુ પ્રભુએ જેમને બધું આપ્યું છે, સંતાનોએ કારોબાર સંભાળી લીધો છે અથવા સંભાળવા શક્તિમાન છે એવા ઉંમરલાયક માણસોને રાત-દિવસ કામના બોજા હેઠળ ઢંકાયેલા, ચિંતાગ્રસ્ત, તાણ અનુભવતા જોઈએ ત્યારે આપણને થાય કે આ બધું ઐશ્વર્ય પૈસો, ધનદોલત શા કામની? તેનાથી શું સુખ પ્રાપ્ત થાય છે? દોડવાનું જ હોય તો હોય કે ન હોય શું ફરક પડે છે. જિંદગીને સાચી રીતે સમજતા નથી એટલે કામનું ફેંકી દઈએ છીએ અને પછી સમય વીતી જાય છે એટલે અફસોસ કરીએ છીએ. ઓશોએ ટાંકેલી એક દૃષ્ટાંત કથા આ અંગે પ્રેરક છે.

વહેલી સવારે સૂરજ ઉગ્યા પહેલાં એક માછીમાર સમુદ્ર કિનારે માછલાં પકડવા ગયો. કિનારા પર ચાલતાં તેના પગ સાથે કાંઈક અફળાયું. તેણે નીચે વળીને જોયું તો એક થેલી પડી હતી અને અંદર પથ્થરના નાના ટુકડાઓ હોય એવું લાગતું હતું. માછીમારે થેલી ઉપાડી લીધી અને જાળને એક બાજુએ મૂકીને પાણીમાં રહેલા એક મોટા પથ્થર પર બેસી ગયો અને સવારનું અજવાળું થવાની રાહ જોવા લાગ્યો. સમય પસાર કરવા માટે થેલીમાં રહેલા પથ્થરના ટુકડામાંથી એક એક ટુકડા છળતાં મોજાં પર ફેંકતો રહ્યો.

ધીરે ધીરે સવાર થયું અને અજવાળું પથરાયું. થેલીમાંથી બધા પથ્થરના ટુકડાઓ ફેંકી દીધા હતા. એક છેલ્લો ટુકડો થેલીમાંથી બહાર કાઢીને ફેંકવા માટે ભો થયો ત્યાં તેની નજર પડી ને જોયું તો હાથમાં પથ્થરનો ટુકડો નહીં, પણ હીરો હતો. થેલી ખાલી થઈ ગઈ હતી.

તે કલ્પાંત કરવા લાગ્યો. પેઢીની પેઢી સુધી ચાલે તેટલી દોલત હાથમાં આવી હતી, પણ અજાણતાં સમુદ્રમાં ફેંકી દીધી હતી. છતાંય નસીબદાર હતો એક હીરો બચ્યો હતો.

સામાન્ય રીતે જિંદગી વીતી જાય છે. સૂરજ ગતો નથી. મનની અંદર અજવાળું થતું નથી અને જીવનનાં રત્નોને પથ્થર માનીને ફેંકી દઈએ છીએ અને પછી અફસોસ કરીએ છીએ. કેટલાક ભાગ્યશાળીઓ છેલ્લો એક ટુકડો બચાવી શકે છે. મોટા ભાગના લોકોના હાથ ખાલી રહે છે. વ્યર્થ છૂટતું નથી, સારું પકડાતું નથી.

કેટલાક માણસો વિચારે છે મેં આ બધું પરિશ્રમથી, મહેનતથી મેળવ્યું છે તે બીજો કોઈ બચાવી શકશે નહીં, સાચવી શકશે નહીં. જાણે કે દુનિયા તેના વગર ચાલવાની નથી. આવા માણસોને બીજા પર ભરોસો અને વિશ્વાસ હોતો નથી એટલે જિંદગીના છેલ્લા શ્વાસ સુધી તેઓ લગામ છોડતા નથી. મોહ અને આસક્તિથી છૂટવાનું એટલું આસાન નથી. જિંદગીનો સૂર્યાસ્ત થવા આવ્યો હોવા છતાં કેટલાક લોકો જાગતા નથી. બોધ થતો નથી. મેળવવા કરતાં છોડવાનું બહુ આકરું છે.

એક માણસ મરણ પથારી પર હતો. અંતિમ સમય હતો. પાસે પત્ની બેઠી છે. તેણે પૂછ્યું, ચુન્નુ ક્યાં છે? પત્નીને થયું મોટો દીકરો યાદ આવતો લાગે છે. નામ હતું ચુનીલાલ, પણ ઘરમાં બધા ચુન્નુ કહેતા હતા. પત્નીએ કહ્યું ચિંતા કરો નહીં, ચુન્નુ અહીં બેઠો છે અને તમારા પગ દબાવી રહ્યો છે.

થોડી વાર થઈ ત્યાં તેણે પૂછ્યું મુન્નુ ક્યાં છે? પત્નીએ કહ્યું મણિલાલ પણ અહીં છે. ફિકર કરો નહીં પાછું વળી તેણે પૂછ્યું છુન્નુ ક્યાં છે? નાના દીકરા છગનલાલનું પણ નામ દીધું.

પત્નીને થયું કે બાપને પુત્રો માટે પ્રેમ છે, એક પછી એક બધાને યાદ કરે છે, તેણે કહ્યું આપ તદ્દન આરામ કરો. બધા દીકરાઓ અહીં આપની સેવામાં હાજર છે.

આ સાંભળીને બાપે પથારીમાંથી ઉઠવાનો પ્રયાસો કર્યો અને કહ્યું બધા અહીં છો તો દુકાનમાં કોણ છે? મરવાનો સમય હતો, પણ દુકાન ભુલાતી નહોતી. તેણે રોષપૂર્વક કહ્યું નાલાયકો, આમ નોકરોના ભરોસે દુકાન છોડી દેશો તો દેવાળું કાઢવાનો વારો આવશે.

બાપે દીકરાઓને યાદ કર્યા, પણ વહાલથી નહીં. તેને પ્રેમ સાથે કોઈ સંબંધ નહોતો. દુકાનો ચાલતી રહે અને નોટોની થપ્પીઓ જમા થતી રહે એટલે જીવન સાર્થક થઈ ગયું.

માણસ અપૂર્ણ ખંડિત જીવન જીવી રહ્યો છે. જીવનની સાથે તેનો કોઈ મેળ નથી. ખાતાં-પીતાં, બેસતાં-ઠતાં, સૂતાં-જાગતાં વિચારોના ઘોડાઓ દોડી રહ્યા છે. એકસાથે બધું કરી લેવાની ઝંખના છે એટલે કોઈપણ પ્રવૃત્તિમાં તે આત્મસાત્ થઈ શકતો નથી. માણસે ઘરને દુકાન બનાવી દીધી છે અને દુકાનને ઘર. ઘરમાં હોય ત્યારે દુકાનની ચિંતા અને દુકાનમાં હોય ત્યારે ઘરની ચિંતા. ટેલિફોન અને મોબાઈલ પર ઘરમાં પણ ધંધાની વાત અને ઓફિસમાં હોય ત્યારે ટેલિફોન પર પત્ની સાથે બે-ચાર વાતો કરી લીધી. બાળકોના ખબર પૂછી લીધા એટલે સબ સલામત. બાપને ઘરમાં પત્ની અને બાળકો સાથે શાંતિથી વાત કરવાની ફુરસદ નથી. એક ઘરમાં રહેવા છતાં વૃદ્ધ-માતા-પિતા, પતિ-પત્ની અને બાળકો એકબીજાથી દૂર હોય એવું લાગે છે. માણસ જમતો હોય, ખાતો હોય, પીતો હોય પણ દુકાનો અને ઓફિસો તેમનો પીછો છોડતી નથી, કેટલાક તો મંદિરોમાં, ઉપાશ્રયોમાં અને દેરાસરોમાં પણ દુકાનો સાથે લઈને જાય છે. ત્યાં પણ ટેલિફોનની ઘંટડીઓ રણકતી રહે છે. ભગવાન સાથે પણ સોદાબાજી થાય છે. આટલું કામ થશે તો પૂજા ભણાવીશ, આરતી કરીશ, યાત્રા કરીશ. હાથ ભગવાન સામે જોડયા હોય છે, પણ મન ભટકતું રહે છે. જીવનનો અર્થ સીમિત બની ગયો છે. પૈસા કમાવા સિવાય જીવનનું બીજું કોઈ ધ્યેય નથી. માણસ સારો-નરસો, સફળ-અસફળ, બુદ્ધુ-હોશિયાર બધું પૈસાને તોલે તોળાય છે અને મપાય છે.

આરામ કરવો, નિવૃત્ત થવું એટલે તેનો અર્થ એવો નથી કે કોઈપણ જાતના કામ વગર બેસી રહેવું. અહીં આરામ કરવો એટલે ખોટી ચિંતાઓ અને ઉપાધિઓમાંથી મુક્ત થવું અને મનગમતી પ્રવૃત્તિઓ કરવી અને જીવન પ્રત્યે નવો રસ કેળવવો. થોડું નિજાનંદ માટે જીવવું. વૃદ્ધોને બાળકો સાથે રમતાં, ગાર્ડનમાં મોજથી ફરતાં અને આનંદ-મસ્તી કરતાં જોઈએ ત્યારે એમ થાય કે બાળકો ને વૃદ્ધોમાં કોઈ ફરક નથી. બાળક જેવી નિર્દોષતા જો માણસમાં આવી જાય તો પ્રેમ પ્રગટ થયા વગર રહે નહીં. બાળકો વર્તમાનમાં જીવે છે. તેમના પર ભૂતકાળ અને ભવિષ્યનો ઓથાર નથી. આપણે પણ વર્તમાનમાં જીવીએ તો બાળક જેવા બની શકીએ, પણ લટું બને છે. ઉંમર વધે એમ માણસ પાકો અને રીઢો બનતો જાય છે, પરંતુ બાળક જેવી કોમળતા, મુલાયમતા અને નિર્દોષતાનાં દર્શન થાય ત્યારે એમ થાય છે કે સંધ્યા ખીલી ઉઠી.

આપણે બધાને કહીએ આ બધું છોડી દો. સલાહ આપવી અને સાંભળવી બહુ સહેલી છે, પરંતુ તેનો અમલ કરવાનું મુશ્કેલ છે. કેટલીક બાબતો પ્રકૃતિજનક અને સ્વભાવગત છે, જયારે કેટલીક બાબતો સંજોગોને આધીન છે. આ બધામાંથી જાતને પર કરીને કેવી રીતે સુખ અને શાંતિ અનુભવી શકાય તેની કોશિશ કરવી જોઈએ. સારી રીતે જીવવું અને જીવન તરફનું સાચું વલણ ભું કરવું એ એક કલા છે. માણસ સાપની કાંચળી જેમ બધાં આવરણો દૂર કરી પ્રેમથી, શાંતિથી અને સહજતાથી જીવે તો જીવન સુખનો સાગર છે. જીવન તરફનો સાચો અભિગમ જ સુખ-શાંતિ આપી શકે.

# ગુજરાતી ગઝલમાં મુગટ જેવી શોભા ધરાવતા ગઝલકાર અંજુમ ઉઝયાન્વી

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

ભાવનગરની આલ્ફ્રેડ હાઇસ્કૂલના સભાખંડનું તાદૃશ્ય થાય છે. કવિ મફત ઓઝાના અધ્યક્ષ સ્થાને ૧૯૭૮માં મુશાયરો હતો. પ્રતિષ્ઠિત કવિઓની વચ્ચે મને પણ કાવ્ય પાઠ કરવાનું સદ્ભાગ્ય મળ્યું હતું. વરિષ્ઠ કવિ જટિલ વ્યાસ અને અંજુમ ઉઝયાન્વીએ મારી પીઠ થાબડી હતી એ ધન્ય ક્ષણોને હું આજેય રાજકોટ ખાતે ભૂલ્યો નથી. એ સૌભાગ્યનું ઝરણું અંજુમ ઉઝયાન્વીના પગ પાસે બેસી મારામાં હું વહાવી રહ્યો છું એ પૂર્વે લખેલી ગઝલ મઠારવાનું અને ફરી પાછું ગઝલ સાધના કરવાનું મળ્યું તેને મા સરસ્વતીની કૃપા ગણું છું. કવિ અંજુમ ઉઝયાન્વીનો મારા પ્રત્યેનો અનન્ય સદ્ભાવ ગણું છું.

અંજુમભાભાઇએ ભાવનગરથી ૧૯૮૩ માં ગઝલ, મુક્તક અને અછાંદસ કાવ્યોનો સંગ્રહ પુસ્તકરૂપે 'અંતરના ઉંબરે' નામથી પ્રસિદ્ધ કરેલો અને મને સાદર ભેટ પણ આપ્યો હતો. જે સંગ્રહ આજે મારી પાસે અકબંધ છે. આ ક્ષણે 'અંતરના ઉંબરે'ના પ્રારંભે મુકવામાં આવેલો શેર પ્રસ્તુત છે.

અંતરના ઉંબરે કોઇ સજદા કરે તો શું?
મૃગજળ ઉછેરવાનું હવે શક્ય પણ નથી.

- નામ : શેખ અબ્દુલ રઝાક 'અંજુમ ઉઝયાન્વી'
- જન્મ તારીખ : ૨૫-૧૦-૧૯૪૫
- જન્મ સ્થળ : રાજકોટ, મુળ વતન-બદાયું, કસ્બા ઉઝયાની
- અભ્યાસ : એસ.એસ.સી. ફાઇબર યુનિટ-રમાં હતા, હાલ નિવૃત્ત
- પ્રકાશનો :

'અંતરના ઉંબરે'
'જુદો જ મિજાજ'
'ભિગે લમ્હે' (હિન્દી તથા ઉર્દૂ ગઝલ સંગ્રહ)


- સન્માન : અસ્મીતા પર્વમાં કાવ્યાયનમાં પુ.શ્રી મોરારીબાપુનાં હસ્તે સન્માન
- અન્ય શોખના વિષયો : લેખન વાંચન, જૂના હિન્દી ફિલ્મી ગીતો

કવિની બધી જ ગઝલો હૃદયના તાર છેડી જાય છે. અહીં મને ગમતી અને હવે આપને પણ જરૂરથી ગમશે એવી એક ગઝલ પ્રસ્તુત છે જે જુદો મિજાજ છે 'ગઝલ સંગ્રહમાંથી મેં લીધી છે.'

ફર્ક પણ નથી
દુશ્મન કે દોસ્ત હવે ફર્ક પણ નથી,
આ પાનખરોને બીજા કોઇ અર્થ પણ નથી!
તારા નગરમાં મુંગા પથ્થર નિચોવી લઉં,
સાગર મળે કે ઝાંજવા એ શર્ત પણ નથી!
ખોબા ભરીને રોજ તમસ પીવા આપજે,
આ ચાંદની રાતોમાં હવે અર્ક પણ નથી!
મારી ગઝલના સજદા પયગમ્બર પરસ્ત છે,
એના વગર તો મારે બીજો ધર્મ પણ નથી!
વાતો કરે છે કોઇ અનાગત સવારથી,
આ રેશમી ચાદરનો હવે મર્મ પણ નથી!
મલ્હાર છેડીને ફરી વાદળ જમા ન કર,
તારી તરસમાં થોડુંઘણું દર્દ પણ નથી!
'અંજુમ' ગુલાબી યાદ તો હિજરત કરી ગઇ,
મારા નગરમાં આજે હવે પર્વ પણ નથી!

કવિ પ્રદિપ સુમિરન, કવિ સાહિપ, કવિ હરકિશન જોશી, રજનીકુમાર પંડ્યા, હાજી કાસમઅલી જીવાણી, કવિ સંજુવાળા, ડો. દિલીપ મોદી, શૈલેષ ટેવાણી, દિનેશ કાનાણી, રાકેશ હાંસલીયા વ. પીઢ, પ્રતિષ્ઠિત અને યુવા કવિઓની હૂંફથી વીંટળાયેલા અંજુમ એમ કહે,

પાંચમાં 'અંજુમ' પૂછાશું ગઝલના કારણે,
આપણાં ઉજ્ખ્મો જગતમાં વાંચનારા હોય છે!



કવિ અંજુમ ઉઝયાન્વીની ફિઝિકસ જોવા જેવી છે. અડસઠ વર્ષના છે. જયોતિન્દ્ર દવેને પણ ભરાવદાર શરીરવાળા એમ અંજુમને જોતા કહેવું પડે. કવિ ઉઝયાન્વીએ ઉર્દૂ ગઝલો પર રચી છે, હિન્દી ગઝલોમાંય તેમનું પ્રદાન છે. આકાશવાણી, દુરદર્શન રાજકોટે તેમની ગઝલો રજૂ કરી છે. નોકરીના ભાગરૂપે તેઓ નિવૃત્ત છે પણ ગઝલ લેખનમાં, ગઝલ વાંચવામાં અને મારા જેવાને, રાકેશ હાંસલીયાને, મન્સૂર કુરેશીને, પ્રદીપ શેઠને, સૂચિતા કપૂર, દર્શના પુરોહિત, હર્ષા ચૌહાણ વ. અનેક કવિઓને નાદુરસ્ત તબિયત વચ્ચેય ગઝલ લેખન અંગે નિ:સ્પૃહી રીતે પ્રેમપૂર્વક માર્ગદર્શન આપે છે.

વરિષ્ઠ કવિ સ્વ. કિસ્મત કુરેશીની ૧૪મી પુણ્યતિથિએ રાજકોટથી ભાવનગર શિશુવિહારમાં જઇ અને ગઝલ પાઠ કરી આવી ભાવનગરની ભૂમિ સાથેનો નાતો તાજો કરે તો વડોદરા કવિ મિત્રો વચ્ચે ગઝલ પઠન કરે. ગુજરાતી ગઝલમાં મુગટ જેવી શોભા ધરાવતા ગઝલકારની પ્રસન્નતા, સ્વસ્થતા અંગે પ્રભુને પ્રાર્થના.

તેમનો મો. નં. ૯૫૭૪૨૬૩૦૪૩ છે.

# અમને યુવાનોને જરા હટ કે હોય તેવા ઈવેન્ટસમાં મજા પડે છે. તેથી દેશી વિદેશી બંનેનું સચવાય તે રીતે પતંગને કાઈટ અને ઉત્સવ ભેગું કરીને કાઈટોત્સવ નામ રાખ્યું છે, ઉપરાંત બધાંને નવીન અને આંચકો આપનારૂં પણ લાગે

## કાઈટોત્સવ

## વ્યંગ લેખ

- બિપિન ત્રિવેદી

અમારા પરમ સખા અને વડીલ એવા શંકરલાલનો 'વન એન્ડ ઓન્લી' એવો ભોટીયો જયારથી ચમત્કારીક રીતે બારમું ધોરણ પાસ કરી કોલેજ તથા યુનિવર્સિટીના પ્રાંગણ શોભાવવા લાગ્યો છે ત્યારથી તેનામાં અજબના આત્મવિશ્વાસ અને ગજબની સ્ફૂર્તિનો સંચાર જોવા મળે છે. સોસાયટી પુરતા સિમિત તેના અગાઉના કિશોરાવસ્થાના પરાક્રમોના સ્થાને હવે ભોટીયો 'ગો ગ્લોબલ' ની થીમ પર ખેલવા લાગ્યો છે. તેની થીંક ટેન્ક નીતનવા તહેવારો અને પ્રસંગોને આગવી ઢબે ઉત્સવના વાઘા પહેરાવીને ઊજવે છે. જેમાં ગામ આખાના આબાલવૃદ્ધ સહુ થનગનાટ સાથે ભાગ લે છે.

ઘણા તેની પ્રગતિ જોઇ શકતા નથી. તેઓ તેની પ્રવૃત્તિને શંકાની નજરે પણ જુએ છે. પરંતુ ભોતીયો તેની ફીકર કરતો નથી. શંકરલાલના ઘરડાં માડી જેમને બધાં તેમની દરેક બાબતમાં ડખોડખલ કરવાની વર્સેટાઇલ ખૂબીને લીધે ડખાગૌરી, ડખેશ્વરી માતા ઉર્ફે ડોશી ડખડખ ચાને કે છૂંછી ડોશીના હુલામણા નામથી ઓળખે છે તેઓ એકમાત્ર ભોટીયાના કાયમી હિતેચ્છુ અને તરફદાર છે. જયારે જયારે ભોટીયાનું કોઇ પરાક્રમ બૂમરેંગ સાબિત થાય ત્યારે સોસાયટીમાં તેની તરફદારી કરી જોરશોરથી અને આક્રમણ રીતે સામાના કાન બહેરાં થઇ જાય તેવી રીતે ચોર કોટવાળને દંડે તેમ વિરોધીઓને ડોશી ધૂળ ચાટતાં કરી દેતા હોય છે. ડોશીના જાતે મેળવી લીધેલો 'વીટો' પાવર આગળ સોસાયટીના બધા લાચાર થઇ જયા હોય છે અને ભોટીયો આવી આફતને અવસરમાં પલટી નાખતો હોય છે. આ ગુણ પણ તેને તેની દાદી ડખાગૌરી ઉર્ફે ડખેશ્વરી માતા ઉર્ફે ડોશી ડખડખ ચાને કે છૂંછી ડોશી પાસેથી આત્મસાત કરી લીધો છે.

હમણાં દિવાળી ગઇ ત્યાર પછીથી ભોટીયો કાઇટોત્સવની તૈયારીમાં લાગી ગયો છે તેની ખૂબી એ છે કે તે અગાઉથી ચોક્કસાઇપૂર્વક બધી તૈયારીઓ અને ગોઠવણ શરૂ કરી દે છે. આ વખતે 'કોલેજ કેસરી' હોવાને લીધે પ્રવૃત્તિનો વ્યાપ આજુબાજુની શેરીઓનાં નાકાઓ ઉપર કાઇટોત્સવની જાહેરાતોના બેનર લગાડીને કર્યો છે. અમારી પાસે ફાળાના પૈસા લેવા આવ્યો ત્યારે મેં પૂછ્યું, "ભોટીયા, આ કાઇટોત્સવ નામ તેં શા કારણથી પસંદ કર્યું?" ભોટીયો કહે, "કાકા, આમાં એવું છે ને કે જમાના પ્રમાણએ એકલું દેશી નામ સારૂં લાગે નહીં. વળી હું હવે યુથ આઇકોન બની ગયો છું તેની તો તમને ખબર હશે. અમને યુવાનોને જરા હટ કે હોય તેવા ઇવેન્ટસમાં મજા પડે છે. તેથી દેશી વિદેશી બંનેનું સચવાય તે રીતે પતંગને કાઇટ અને ઉત્સવ ભેગું કરીને કાઇટોત્સવ નામ રાખ્યું છે. ઉપરાંત બધાંને નવીન અને આંચકો આપનારૂં પણ લાગે."

જેઓ ફાળાના પૈસા લઇને તે ગયો ત્યાં ચા ના ચસકુડીયા એવા પડોશી નવીનભાઇ આવ્યા. ભોટીયાને જતાં જોઇ નવીનભાઇ કહે કે આ ભોટીયાના કપાળની રેખાઓ જોતાં મને લાગેછે કે આ જાતક ભવિષ્યમાં મોટો છત્રપતિ થશે. અને ત્યારે અમેરિકા, ચીન, રશિયા, ફ્રાંસ અને જાપાન જેવા દેશોના નિવૃત્ત વડાઓ 'કુછ હપતે તો બીતા ઓ ઇન્ડિયા મેં' એવી ભારતનાના બ્રાન્ડ એમ્બેસેડર બની જાહેરાત કરતાં હશે. તેનો સમય આવવા દો. નોબેલનું શાંતિ માટેનું ઇનામ સામે ચાલીને તેને મળવા આવશે. યુનોના 'વીટો' પાવર વાળા દેશોમાં ભારતનું નામ પણ ઉમેરાય તો નવાઇ નહીં. દુનિયાના અન્ય દેશો અંદરોઅંદરની સમસ્યાઓ ઉકેલવા ભોટીયાની મદદ માંગતા હશે. હાલ ભારતના રૂપિયાની ટોપી હાલક ડોલક થાય છે તેને ભોટીયો સ્થિર કરશે.

મેં કહ્યું, 'નવીનભાઇ, તમે લાકડા જેવી ચા નો ડબલ ડોઝ લગાવીને આવ્યા છો કે શું? ભોટીયા વિશે આવું અતિ ઉજ્જવળ ભાવિ ભાખવા માંડ્યા છો તો શંકરલાલની ચા નો પ્રતાપ છે કે શું?'

નવીનભાઇ કહે, "ના એવું નથી. ચા તો જાણે શંકરલાલની પીધી. પરંતુ હજુ તમારી પણ ચમચી ચા તો પીવાની જ છે. આ તો મને કયારેક કોઇના ભાલ પ્રદેશની રેખાઓ જોઇને ભવિષ્ય દર્શન થતું હોય છે. જયારે જયારે ભોટીયાને જોઉં છું ત્યારે મને અંદરથી જ સ્ફૂરે છે કે આ નોખી માટીનો માનવી થવા સર્જાયો છે."

આમ જુઓ તો વાત પણ સાચી લાગે છે. ઉત્તરાયણમાં પાવલો, ચીલ, ઢઢો કે પૂંછડીયો ગમે તેનો, ગમે તેવો પતંગ હોય ભોટીયાની મંડળી સફાયો કરી નાખે છે. કેટલાંય હરીફોને પીપુડી વગાડતાં કરી દે છે. વળી તે દોરીને માંજો કયાં પાવા જાય છે અને કઇ જાતની દોરી કયાંથી અને કયારે લાવે છે તે આજ સુધી કોઇ જાણી શક્યું નથી. તેના માંજા માટેની સામગ્રી શી શી છે તે પણ કોઇ કળી શક્યું નથી. તે અલગ અલગ સામગ્રી અલગ અલગ મિત્રો દ્વારા મગાવે છે. ચાઇનીઝ દોરી હોય કે ગમે તેવી દોરી હોય ભોટીયાની મંડળીની દોરી આગળ તો પાણી ભરે. કોની પતંગ કીન્યાથી કાપવી, કોનો પૂંછડીયો કયાં ભરાવવો, કોની પતંગ પર અદ્ધર ચગે કે તરત જ લંગર નાંખવું તે 'ગ્રાઉન્ડ ઝીલો' પરથી છેલ્લી ઘડીએ જ નક્કી થતું હોય. આ બાબતમાં તેની 'ઝીરો ટોલરન્સ' ની નીતિ હોય છે. ભલભલા ખેરખાઓ પણ કયારે, કોણ, કઇ તરફથી આવીને તેમનો પતંગ કાપી ગયું તે જાણી શકતા નથી. કયાં પતંગને પૂંછડી બાંધવી, કીન્યા કઇ રીતે બાંધવી, કેટલા એન્ગલ સુધી કેવા પતંગ ને વાળવો અને બેલેન્સમાં લાવવો તેનું અપાર જ્ઞાન ભોટીયો પાસે અને તેની થીંક ટેન્ક પાસે છે. વળી સિનિયર સિટીઝન હોય અને તેનો પતંગ કાપી નાખવાનો હોય તો ભોટીયો અગાઉ જઇને તેમના ચરણસ્પર્શ પણ કરી આવે. એટલો તો ભોટીયો પગે લાગે તેનાથી પણ ઘણાં તો થરથરવા લાગે છે અને સમજીને ઘણાં તો ઉત્તરાયણના દિવસે ધાબાં પર જ જાય નહીં તો ખેલ પડી જાય અને પીપૂડાં વગાડવાનો વારો આવે.

તેના ઊંધિયા અને જલેબીની જયાફતનું પણ એવું જ છે. અગાઉથી તેને સુગંધ કો'ક કો'ક પામી શકે. પ્રસાદ જેટલું પણ જલ્દી કોઇને મળે નહીં. તેની મંડળીના હોય તેમને પણ સુગંધ મળે તો તેનાથી જ સંતોષ માની લેવો પડે. કોને, કયારે કેટલું મળશે તેની અટકળો કરનારા પણ ખોટા પડે, કયારેક જેમની પતંગ કપાણી હોય તેવા લોકો ઊંધિયા અને જલેબીની જયાફત માણતા જોવા મળે, જયારે ફીરકી પકડનારા સીસકારા બોલાવતા હોય. હરીફોને પીપૂડી પકડાવી દે અને રાત્રે ટુક્કલ ચડાવવાની પાછી છૂટ આપે. મિત્રો વધારે હશે કે દુશ્મનનો વધારે હશે એ નક્કી કરવું પણ મુશ્કેલ છે એવો ભોટીયો આમ છતાં અમારા સહુનો લાડીલો છે.